સત્ય એજ શ્રેષ્ઠ ધર્મ છે.

જીવ માત્રની સેવા એજ
કલ્યાણનું સાધન છે.

પ્રેમે પશુ પણ વશ થાય છે

સત્ કર્મથી મેલ ધોવાઇ
શુદ્ધી મળે છે.

નબળા·વિચાર નઠારાં છોક-
રાંની પેઠે હાની કરે છે.

સંતોષ સર્વ સુખનું મુળ છે.

તૃષ્ણા દુઃખનું કારણ છે.

ભગવાનની ભક્તિ કરતાં
નઠારાં કર્મ કરવાં તે દૂધમાં
ઝેર ભેળવા જેવું છે.

ક્રોધ બુદ્ધિનો નાશ કરે છે.

ક્રોધ રૂપી અગ્નિ આમોશ રૂપી

પાણીથી હોલવાઇ જાય છે.

દ્વેષ, ચિંતા અને દુઃખનો

ભંડાર છે.

દારૂ દેહને બાળી નાખે છે
અને આસપાસ આગ
સળગાવે છે.

કાગળને અડતાં પોતેજ
કાંળો થાય છે.

માબાપ, રાજા, ને ગુરૂ એ
પૃથ્વી ઉપર પરમેશ્વરનાં
રૂપ છે.

પરમેશ્વર વિનાનું એક પરમા-
ણું પણ ખાલી નથી.

મીઠાં વચન અમૃતનાં ટીપાં છે

સત્સંગ તાપને ટાળી સુખ
શાંતિ આપે છે.

જેવું બીજ રોપાય તેવું ફળ ફળે.

ભ્રાતૃભાવ એ ધર્મનું પહેલું પગથિયું છે.

મન, વાણી અને કૃતિથી કર્મ
ની દોર ગુંથાય છે.

સાચું વિચારો. સાચું બોલો,

સાચું કરો.